ગાંધીનગર સમાચાર

તા. ૩૦-૩-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### કોંગ્રેસને પુનર્જીવિત કરવા કટિબદ્ધ થતાં સોનિયા ગાંધી

એક તરફ શાસક પક્ષ કોંગ્રેસને દેશ આખામાંથી નેસ્તનાબૂદ કરવા આકાશપાતાળ એક કરી રહ્યો છે ત્યારે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ ફરી એક વાર બેજાન બની ગયેલી પાર્ટીમાં જાન ફૂંકવાના પ્રયાસો ચાલુ કરી દીધા છે. સોનિયા ગાંધી જાણે છે કે પાર્ટી એના ઇતિહાસની સૌથી કપરી હાલતમાં પસાર થઇ રહી છે. એને બેઠી કરવાની જવાબદારી પણ પોતાની જ ગણાય કારણ કે કોંગ્રેસને વંશાનુગત રાજકારણને કારણે જ સહન કરવું પડ્યું છે. નરેન્દ્ર મોદીએ લોકસભા તથા એ પછીની વિધાનસભાની ચૂંટણીઓમાં 'મા-બેટા' પર જે આક્ષેપબાજી ચલાવી હતી તેની પ્રજામત પર ઘણી અસર પડી હતી. મનમોહનસિંહને 'સારા' ગણાવી એમના શાસનમાં જે કંઇ ખોટું થયું તે મા-બેટા કે જમાઇરાજને કારણે થયું છે, એવો સંદેશ પહોંચાડવામાં મોદીને સફળતા સાંપડી હતી. એમની સામે કોંગ્રેસના 'રાજકુમાર' ઘણા નબળાં પુરવાર થયા હતા. રાહુલ ગાંધીને સૂઝબૂઝ વગરના બાલિશ વંશાનુગત નેતા ગણી કાઢી હાંસીપાત્ર બનાવી દેવામાં ભાજપને ધારી સફળતા મળી હોઇ હવે પાર્ટીનું સુકાન રાહુલના હાથમાં સોંપી દેવામાં પણ જોખમ છે. બીજી તરફ રાહુલ ગાંધી કેટલાક સિનિયર કોંગ્રેસી અગ્રણીઓથી નારાજ છે અને પાર્ટી પર સુવાંગ કબજો ન મળે ત્યાં સુધી નિષ્ક્રિય રહેવાનો નિર્ણય કરી બેઠા હોય એવું લાગે છે. એચ. આર. ભારદ્વાજ જેવા વરિષ્ઠ કોંગ્રેસીએ પાર્ટીમાં ત્રણ-ચાર માણસો જ વહીવટ કરતા હોવાનો આક્ષેપ કરી પાર્ટીને કફોડી સ્થિતિમાં મૂકી દીધી છે. 'જમાઇ રાજા' રોબર્ટ વાડ્રાના જમીન કૌભાંડને લીધે પાર્ટી ભારે નામોશી ભરી સ્થિતિમાં મૂકી પ્રિયંકાને સક્રિય રાજકારણમાં લાવવા માટેની ગુહાર લગાવતા રહ્યા છે. આ તમામ સંજોગો જોતાં સોનિયા ગાંધી પાસે પોતે જ વધુ સક્રિય બનવા સિવાય બીજો વિકલ્પ જ નહોતો બચ્યો. એમણે પાર્ટીને પુનર્જીવિત કરવા માટે જાતે જ મેદાનમાં આવીને કાર્યકરોનું મનોબળ વધારવાનો પ્રયાસ કર્યો છે. જમીન સંપાદન બિલ જેવો ખેડૂતલક્ષી મુદ્દો ઝડપી લઇ સોનિયા ગાંધી હરિયાણા, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશના ખેડૂતો વચ્ચે પહોંચી ગયાં, તો વળી એ મુદ્દે કૂચ કરી રાષ્ટ્રપતિને આવેદનપત્ર પણ આપી આવ્યાં. એમણે ફક્ત રાયબરેલીના પોતાના મતવિસ્તારની જ નહીં બલકે પડખે આવેલા રાહુલ ગાંધીના અમેઠી મતવિસ્તારની પણ મુલાકાત લીધી અને રેલવે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારને મળ્યાં. દુષ્કાળગ્રસ્ત વિસ્તારના ખેડૂતોને આશ્વાસન આપી આવ્યાં. સોનિયા એક પરિપક્વ રાજનેતાની જેમ વર્તી રહ્યાં છે અને બહુ જ સ્પષ્ટ ભાષામાં નીડરતાપૂર્વક મોદી સામે તાતાં તીર ચોડી રહ્યાં છે. આખરે એક મૃતઃપ્રાય થઇ ગયેલી રાજકીય પાર્ટીને બેઠી કરવા માટે આવો આક્રમક વ્યૂહ અપનાવવો પડે તે સોનિયા ગાંધી બરાબર સમજી ગયાં લાગે છે.

# ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં આજે કેમેસ્ટ્રીનું પ્રશ્નપત્ર

અમદાવાદ, તા.૨૯

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આવતીકાલથી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર ૨ની પરીક્ષા લેવામાં આવશે જેમાં આવતીકાલે પ્રથમ દિવસે રસાયણ વિજ્ઞાનનું પેપર લેવામાં આવશે.

આ પેપરને લઈ વિદ્યાર્થીઓએ ખાસ તૈયારી કરી છે. સવારે ૧૦.૩૦ કલાકે પેપર શરૂ થવાનું છે તેમ છતાં પ્રથમ દિવસ હોવાથી બેઠક વ્યવસ્થા શોધવામાં કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે તે માટે ૧૦.૦૦ કલાક સુધી વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્રો ખાતે પહોંચી જવા માટે સૂચના આપવામાં આવેલ છે.

આવતીકાલની પરીક્ષા વિષયોની પરીક્ષા બે ભાગમાં લેવાશે. પ્રથમ ભાગમાં બહુવિકલ્પ પ્રકારના (ઓએમઆર પદ્ધતિથી) ૫૦ પ્રશ્નો પુછાશે. જેના માટેનો સમય ૬૦ મિનિટનો રહેશે. બીજા ભાગમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો પુછાશે. સવારે ૧૦.૪૫થી ૧૧.૪૫ પાર્ટ એના જવાબો લખવા માટે અપાશે. જ્યારે બપોરે ૧૨.૦૦થી બેનો સમય પાર્ટ બીની ઉત્તરવહીના જવાબો લખવા માટે અપાશે. પરીક્ષાનો સમય સવારે ૧૦.૩૦થી બપોરે ૨.૦૦ વાગ્યાનો રહેશે. પરીક્ષા કેન્દ્રમાં માત્ર સાદુ કેલક્યુલેટર લઈ જવા દેવાશે.

# જીટીયુ સંલગ્ન ૧૨ કોલેજને નવા સત્રથી બંધ કરી દેવાશે

અમદાવાદ, તા.૨૯

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સંલગ્ન ૧૨ કોલેજોને વિવિધ કારણસર નવા શૈક્ષણિક સત્રથી બંધ કરી દેવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના આવેલ ૩૫ જેટલી વિવિધ કોલેજોમાં ચલાવવામાં આવતા કોર્સ અને બેઠકોની સંખ્યા પણ ઘટાડવામાં આવશે. સૌથી વધુ દયનીય સ્થિતિ મેનેજમેન્ટ અને ફાર્મસી કોલેજોની છે જેમાં મોટાપાયે તાળા વાગી ગયા છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંચાલિત મેનેજમેન્ટ અને ફાર્મસીના અભ્યાસક્રમ ચલાવતી કોલેજોની હાલત દયનિય થવા પામી છે. કોર્સ કર્યા બાદ નોકરીના અભાવના કારણે વિદ્યાર્થીઓનો ક્રેઝ આ અભ્યાસક્રમો પ્રત્યે ઘટી રહ્યો છે જેના કારણે વિદ્યાર્થીઓની અપૂરતી સંખ્યાથી પરેશાન આ કોલેજો હવે બેઠકો ઘટાડી રહી છે. જીટીયુ સંલગ્ન રાજ્યભરમાંથી કુલ ૧૨ કોલેજોએ આગામી સત્રથી પોતાની કોલેજો બંધ કરવા માટેની અરજી કરી છે. જેમાંથી ૫૦ ટકા કોલેજો ફક્ત એમબીએના કોર્સ ચલાવતી કોલેજો છે જ્યારે તે ઉપરાંત બેચલર ઓફ ફાર્મસીની ચાર કોલેજો અને ડિપ્લોમા ઈજનેરીની બે કોલેજોએ પણ બંધ કરવા માટે અરજી કરી છે. રાજ્યની એન્જિનિયરિંગ કોલેજોની હાલત પણ કંઇ સારી નથી. કેટલીક કોલેજોમાં ચાલી રહેલા ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનની બ્રાન્ચપણ બંધ થનાર છે. રાજ્યમાં ૧૧ બેચલર ઓફ એન્જિનિયરિંગ કોલેજો અને ૧૨ ડિપ્લોમા એન્જિનિયરિંગ (પોલિટેકનિક) કોલેજોમાં કેટલીક બ્રાન્ચબંધ થનાર છે તેમજ કેટલીક બેઠકોમાં પણ ઘટાડો કરવામાં થશે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષથી એમબીએ કોલેજોમાં પુરતા વિદ્યાર્થીઓ મળતા નથી જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આવેલી એન્જિનિયરિંગ કોલેજોમાં આવી મુશ્કેલી પડી રહી હોવાની વાત સામે આવી છે.

# ઈકબાલની કવિતાઓ રાષ્ટ્ર ભાવનાઓથી છલકાય છે

અમદાવાદ, તા.૨૯

ગુજરાતના રાજ્યપાલ ઓપી કોહલીએ જણાવ્યું હતું કે, વિખ્યાત ઉર્દૂ સાહિત્યકાર અને કવિ ડો. ઈકબાલની કવિતાઓ રાષ્ટ્રભાવનાથી છલકાતી છે, તેની અનુભૂતિ આપણા સૌને તે કરાવે છે તેમણે પશ્ચિમની સંસ્કૃતિના મુકાબલે ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓનું ગૌરવ તેમની મૂર્તિઓમાં પ્રસ્તુત કર્યું છે, એમ રાજ્યપાલે ઉમેર્યું હતું. ઓપી કોહલી આજે અમદાવાદમાં શમ્સ ગ્રુપ ઓફ સ્કૂલ્સ દ્વારા ડો. અલ્લામા ઈકબાલના જીવન અને વિખ્યાત ઉર્દૂ લેખ અને વિવેચક પ્રાધ્યાપક રશીદ અહમદ સીદીકીના ઉર્દૂ સાહિત્યાના વિકાસમાં આપેલ યોગદાન અંગે આયોજિત સેમિનારમાં સંબોધન કરી રહ્યા હતા. રાજ્યપાલે જણાવ્યું હતું કે, ડો. ઈકબાલ ઉર્દૂના એવા આ સાહિત્યકારોના એક હતા જેમની સાહિત્યિક રચનાઓએ હિન્દુસ્તાનના સાહિત્યના ભંડારને ભરી રાખ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ઘણા એવા સાહિત્યકારો કેવિઓ થઈ ગયા તેમની કોઈ એક એવી રચના કે કવિતાઓથી તેઓ જગવિખ્યાત બની ગયા. બંકિમચંદ્ર ચેટરજી વંદેમાતરમ ગીતથી વિખ્યાત બન્યા, કવિવર રવિન્દ્રનાથ ટાગોર રાષ્ટ્રગીતથી, કવિ નરસિંહ મહેતા વૈષ્ણવજન તો તેને રે અને ડો. ઈકબાલ સારે જહાંસે અચ્છા હિન્દોસ્તાન...થી મશહૂર બની ગયા હતા. ડો. ઈકબાલની કવિતાએ દેશના પર્વતો, નદીઓ, પશુ-પંખીઓ, હજારો વર્ષ પુરાની સંસ્કૃતિ પરંપરાઓ જે આજે પણ જીવંત છે.તેને બખૂબી ઉજાગર કરી છે તેની ગૌરવપૂર્ણ અનુભૂતિ કરાવી છે તેમની કવિતાઓમાંદેશ માટે સ્વાભિમાન ઝળખે છે તેમ તેમણે જણાવ્યું હતું.

# અભિનય સમ્રાટ... સ્વર્ગના પટાવાળા થવું એનાં કરતાં પૃથ્વીના રાજા થવું સારૂ..!

(સંજય થોરાત)

ઉપેન્દ્ર ત્રિવેદીની વાત આવે એટલે ગુજરાતી ચિત્રપટનો સુવર્ણ યુગ નજર સમક્ષ તરવરી ઉઠે... એક સિનેમા ઘરમાં હિન્દી ફિલ્મ હોય અને બાજુના સિનેમા ઘરમાં ઉપેન્દ્ર ત્રિવેદીની ગુજરાતી ફિલ્મ ચાલતી હોય તો એ હાઉસફુલ હોય અને બીજા શૉ માટેની લાઈન પણ લાગેલી હોય... 'અભિનય સમ્રાટ' એ તો એમના નાટકનું નામ, પણ જાણે એ નામ એમની અદાકારી માટે જ બંધ બેસતું આવે. ચિત્રપટ-નાટ્ય-સાહિત્ય-સમાજસેવા જેવા વિવિધ ઘોડા પર સવાર આ 'જેસલ તોરલ' એક માત્ર ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર તરીકે જીવી ગયા હતા... લોક સાહિત્ય પરિવાર, ગાંધીનગર દ્વારા એમના 'સંભારણા'નો એક અદ્‌ભુત કાર્યક્રમ યોજાઈ ગયો.

સોમનાથ મહાદેવની આરતી ઉતારવા પહોંચેલા 'રા-ખેંગાર'ના દૃશ્ય સાથેની વિડિયો ક્લિપીંગથી 'જય જય મહાદેવ' ગીત સાથે એક અનોખા કલાકારની અનોખી કથા શરૂ થઈ. કલાકાર મિનલ પટેલ, કવિ અંકિત ત્રિવેદી જેવા એક બાદ સજ્જનોએ એમના સંભારણાઓ રજુ કર્યા. એમને જ્યારે એવું પુછવામાં આવ્યું કે આટાલા મોટા ગજાના કલાકાર છો તો હિન્દી ફિલ્મોમાં જાવ તો વધુ દામ અને નામ મળશે. ત્યારે એમણે બહુ સરસ જવાબ આપ્યો, 'સ્વર્ગના પટાવાળા થવું એના કરતાં તો પૃથ્વીના રાજા થવું વધુ સારૂ' એવી એમણે ગુજરાતી ફિલ્મોની રાજાશાહી ભોગવી હતી.

ચરિત્ર અભિનેતા પરેશ રાવલની એક વિડિયો ક્લિપીંગમાં એમના 'પેરેલિસીસ' ફિલ્મનો બહુ ચોટદાર ડાયલોગ બનાવ્યો. 'કાચબાની જેમ ૧૦૦ વર્ષ જીવવાં કરતાં રેસના ઘોડાની જેમ ૧૫ વર્ષ જીવવું વધુ મહત્વનું છે.'... 'માણસ એના સ્વભાવથી ખુશ હોવો જોઈએ, ચહેરાથી નહી'... મોરારીબાપુએ એમને કલાના મુલ્યની




અને કલાની મહેંકનો માણસ ગણાવ્યો... વિવિધ પ્રસંગો ટાંકીને એમના સંભારણાની સફરથી પૂર્ણ માહોલ ઉપેન્દ્રમય બની ગયા બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું..

અરવિંદ ત્રિવેદી 'લંકેશ' કૌસ્તુભ ત્રિવેદી, પરેશ રાવલ, પુરૂષોત્તમ રૂપાલા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રમણલાલ વોરા, બાબુભાઈ મેઘજી શાહ, દોલત ભટ્ટ અને અન્ય નેતાઓના હસ્તે એમનાં કલાની જ્યોત અખંડ રહે એવી શુભકામના સાથે કાર્યક્રમ શરૂ થયો... લોક સાહિત્ય પરિવારના પ્રણેતા પુરૂષોત્તમ રૂપાલાએ એમના પરમ મિત્ર એવાં ઉપેન્દ્ર ત્રિવેદીની કેટલીય અપ્રકટ વાતો કરી... અભિમન્યુની વાતો અભણ ગામડાના લોકો કરે, એ કાંઈ અભ્યાસક્રમમાં ન હોય. એમણે અસ્મિતા પર્વની ઉપેન્દ્ર ત્રિવેદીની વાતો વાગોળી હતી. એ પાત્રને ધર્મ સમજીને નિભાવતાં. 'વેવિશાળ' નાટક અને તલોદનો તમાકુનો વેપારી પશો પટેલ 'હું એ નંઈ' ના તકિયા કલામ વાળુ નાટક 'અભિનય સમ્રાટ' ની અસ્સલ એમની તળપદી લહેકામાં વાતો કરી. લોક સાહિત્ય એ સ્વજન સુધી પહોંચાડવાનું કામ કરે છે...

ગુજરાતનું ગૌરવ એવાં તપ્સાના કલાકાર પરેશ રાવલે એમની બાળપણની વાતો યાદ કરી. રેડિયો પર 'મહિલા મંડળ' કાર્યક્રમ આવતો. અને એમાં ઉપેન્દ્ર ત્રિવેદીનો ઉચ્ચાર શુદ્ધિ સાથે મીઠો અવાજ આવતો, ત્યારે થતું કે આટલા સરસ અવાજના માલિકને મળવું છે. એમનું 'પવિત્ર પાપી' અને 'આતમને ઓઝલમાં રાખમાં'થી એમનો ચાહક બન્યો. એમણે સાહિત્યમાં સુપર પાવર મેળવ્યો હતો, એમનો અવાજ રેકોર્ડ કરી લેવાં જેવો હતો. ઉપેન્દ્ર ત્રિવેદી એટલે 'ડિસ્કવરી ઑફ ગુજરાત.'

'સંભારણા' કાર્યક્રમનો પરિકલ્પના જ એવી હતી કે ઉપેન્દ્ર ત્રિવેદીના નાટ્ય-ફિલ્મ-સાહિત્યના દૃશ્ય-શ્રાવ્ય સાથે કલાકારો ગીત પણ ગાય અને એમની સાથે જીવેલા-કામ કરેલા દિગ્ગજો એમનાં સંસ્મરણો વાગોળે... મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ એમને રાજકિય મિત્ર ગણાવ્યાં. વિધાનસભામાં ભિલોડાના એક પ્રશ્નના મુદ્દે જે અવઢવ થઈ હતી એની ખુબ નિખાલતાપૂર્વક વાત કરી ઉપેન્દ્ર ત્રિવેદીની ઉદારતાને વખાણી હતી.

કાર્યક્રમના સૂત્ર સંચાલક રણજીત ટાંકે એમના કોલેજ કાળ દરમ્યાન ૧૯૫૬ના એકપાત્રીય અભિનયની ક્લિપ બતાડી અને પ્રસિદ્ધ કવિ દાદના સુપુત્ર અને અષાઢી કંઠના માલિક જીતુ દાદ ગઢવીના કંઠે 'ગૌરવ ભિની ગુજરાત છે' ગીત પ્રસ્તુત કરાયું... 'કહ્યાગરો કંથ' એક વૃદ્ધની નાનકડી ભુમિકા સાથે ફિલ્મ ક્ષેત્રે પદાર્પણ થયું. અખંડ આનંદમાં નોકરી કરે અને રાત્રે અભિનયનું કામ કરે. 'કાદુ મકરાણી'માં નાનો રોલ, 'જોગીદાસ ખૂમાણ'માં સાઈડરોલ એમ ગાડું ગબડતુ હતું એમાં હિન્દી ફિલ્મ 'નગિના'માં વિલનનો રોલ મળ્યો, પણ કુદરતને આ કલાકાર વિલન બને એમાં રસ નહોતો એટલે એ ડબ્બામાં જ કેદ રહી ગઈ, અને એજ વખતે 'અભિનય સમ્રાટ' નાટક આવ્યું, જે સુપર ડુપર હિટ રહ્યું અને ઉપેન્દ્ર ત્રિવેદી હિરો બનીને ગુજરાતી ફિલ્મમાં પધાર્યા...

'જેસલ તોરલ' ૧૯૭૧ની ફિલ્મની સુંદર વિડીયો ક્લિપીંગ્સ સાથે એ ફિલ્મનું ગીત 'પાપ તારૂ રે પરકાશ જાડેજા, ધરમ તારો સંભાળ રે તારી બેલડીને બુડવા નહી દઉં' દમયંતી બરડાઈએ આ ગીત રજુ કર્યું કે જે ફિલ્મનું ગીત પણ આજથી ૪૩ વર્ષ પહેલાં એમણે જ ગાયું હતું ! ૧૯૭૬ની ૬ ફિલ્મમાં અભિનય સાથે 'માલવપતિ મૂંજ' ક્લિપ બતાવી પછી એનું જ ગીત 'માડી હું તો બાર બાર વર્ષે આવીયો રે, તોય ક્યાંય નો દિઠી મારી પાતલડી પરમાર રે' દમયંતિ બરડાઈ સાથે ગાંધીનગરના જ પહાડી કંઠ ધરાવતા ભીખુદાન ગઢવીએ મસ્ત રજૂઆત કરી...

ઉપેન્દ્ર ત્રિવેદીના મત વિસ્તારના રમણલાલ વોરાએ ઈડરિઆ ગઢની વાત અને એમના 'જેસલ તોરલ'ની દમામની વાત કરી... ૧૯૭૯માં 'ઘરની વસુલાત'માં ડબલ રોલ કર્યો અને એજ વર્ષે 'અમરસિંગ રાઠોડ'ની યાદગાર ક્લિપીંગ્સ સાથે ગયા વર્ષના સુપર સિંગર ઑફ સિટી વિજેતા બનેલા જય ગઢવીએ 'ધૂણીરે ધખાવી બેલી અમે તારાં નામની, અલખના રે ધામની' અત્યંત મનભાવન રજુઆત રહી... આ પ્રસંગે ઉપેન્દ્રભાઈના મોટા ભાઈ ભાલચંદ્રભાઈના દીકરા કૌસ્તુભ ત્રિવેદી જે મોટા ગજાના નાટક પ્રોડ્યુસર છે, એ પણ હાજર રહ્યાં હતાં.

'રામાયણ' સિરીયલથી રાવણના કિરદાર સાથે 'લંકેશ' બની ઘરઘરમાં પહોંચેલા કલાકાર અરવિંદ ત્રિવેદીએ પોતાના ભાઈની બીલકુલ લાગણીસભર વાતોની રજૂઆત સજળ નેત્રે કરી. ઉપેન્દ્ર આંગળી પકડીને 'રામલિલા', નાટક, બાલમંદિર, સ્કૂલ, કૉલેજ, નાટક, ફિલ્મ, ટીવી બધે લઈ ગયાં. 'રાજા ભરથરી' ફિલ્મમાં અભિનયના ટક્કરની વાત પણ કરી... ઉપેન્દ્ર ત્રિવેદીની ફિલ્મ 'મનનો માણિગર' અને 'નમણી નાગરવેલ' જેમની નવલકથા પરથી બની છે એવા વરિષ્ઠ સાહિત્યકાર દોલત ભટ્ટ પણ હાજર હતાં... પન્નાલાલ પટેલની નવલકથા 'માનવીની ભવાઈ' પરથી બનેલી ફિલ્મનાં રૂંવાડા ઉભા કરતા છપ્પનિયા દૂકાળની વિડિયો બતાવ્યા હતા..

'જાગોરે જાગો હરે ત્રિપુરારી, જટાળા જોગંદર, ઓમ નમઃ શિવાય' ગીત સાથે એમના ૭૬ ફિલ્મોની માહિતી આપી. 'અભિનય સમ્રાટ' નાટકની ઝલક બતાવી જે ખરેખર અદ્‌ભુત રહી... ઉપેન્દ્ર ત્રિવેદીએ દૂરદર્શન પર કરેલા કાર્યક્રમના સંચાલનની ફિલ્મ બતાવી જેમાં મેઘાણી વંદનાની સુંદર રજૂઆત બતાવી, ઝંડા વંદન, રક્ત ટપકતી સો સો ઝોળી જેવી ઝવેરચંદ મેઘાણીની વાતો ઉપેન્દ્ર ત્રિવેદીના મુખે સાંભળવી એ લ્હાવો બની રહ્યું... એમની ફિલ્મનું અતી પ્રસિદ્ધ ગીત 'તમે કિયા તે ગામના ગોરી રાજ, અચકો મચકો કારેલી' આજેય એટલું જ સાંભળવુ ગમે એવું રહ્યું... મોરારીબાપુના અસ્મિતા પર્વના ઉપેન્દ્ર ત્રિવેદીના વક્તવ્ય મેઘાણીજીની વાતો એક ઈતિહાસની સાક્ષી સમાન હતું...

'લોક સાહિત્ય પરિવાર'ના પુરૂષોત્તમભાઈ રૂપાલા, બાબુભાઈ મેઘજી શાહ અને જયંતિભાઈ ભાનુશાળીએ આ સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના ખૂબજ સરસ ઘડી હતી. ઉપેન્દ્રભાઈના વૈવિધ્ય પાસાની અણમોલ વિડીયો ક્લિપીંગ્સ, એમના ગીતો અને એમની સાથે સંકળાયેલા વ્યક્તિત્વોના સંસ્મરણો સાથેનો આ 'સંભારણા' કાર્યક્રમ ખરેખર જ સંભારણા જેવો બની રહ્યો... કાર્યક્રમમાં ભીખુદાન ગઢવીએ ઉપેન્દ્ર ત્રિવેદીએ લખેલું ગીત 'અહાંગરો લાગ્યો મને' ગીત અદ્‌ભૂત રહ્યું. મુખ્યમંત્રી આનંદીબેન પટેલનો શુભેચ્છા સંદેશ પણ વંચાયો. 'પગલાં એવું કોણ મુકતું આવે, ગગન આખું એની પાછળ ગૂંજતું આવે' એવી વાત સાથે બાબુભાઈ મેઘજી શાહે એમની ઉપેન્દ્ર ત્રિવેદી સાથેની ક્ષણો વાગોળવતાં આભાર વિધિ કરી... ઉપેન્દ્ર ત્રિવેદીની ફિલ્મના ગીત 'સોના વાટકડી રે, કેશર ઘોળ્યાં રે વાલમિયાં' સાથે એમની સ્મરણાંજલિનો કાર્યક્રમ એમનાં જ સાથીદારોએ કરી બતાવી એક શ્રેષ્ઠ અંજલિ અર્પી... અભિનય સમ્રાટ સદાય એના અભિનયથી જિવંત રહેશે જ.

**ઉપેન્દ્ર ત્રિવેદી એટલે 'ડિસ્કવરી ઑફ ગુજરાત'... નાટ્ય-ચિત્રપટ-સાહિત્યના દૃશ્ય-શ્રાવ્ય 'સંભારણા' સાથે 'લંકેશ' અરવિંદ ત્રિવેદી, પુરૂષોત્તમ રૂપાલા, ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રમણલાલ વોરા અને હિન્દી ફિલ્મોના શ્રેષ્ઠ ચરિત્ર અભિનેતા પરેશ રાવલે ઉપેન્દ્ર ત્રિવેદી સાથે માણેલી યાદગાર ક્ષણોને મમળાવી એમની કલાના મુલ્યની અને મહેંકની વાતો કરી**

# કાયદેસરનું લગ્ન થયેલ સ્ત્રીને જ હિંદુ મેરેજ એક્ટ અંતર્ગતના તમામ અધિકારો પ્રાપ્ત થાય છે

**મહિલા સમાજ અને કાયદા**

- ડો. ભાવના કે. જોશીપુરા

લગ્ન સંદર્ભે થતા ખોટા કરારો અંગે કેટલીક ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આ કોલમનો હેતુ કાયદાકીય જાગૃતિ સંદર્ભેનો છે. આમ જોઇએ તો સમાજના તંદુરસ્ત વાતાવરણ સંદર્ભે જે જે બાબતો આવશ્યક છે તે પૈકી કાયદાકીય જાગૃતિ એક વિશેષ બાબત છે. કાયદાકીય જાગૃતિ એ સામાજિક જાગૃતિનો એક ભાગ છે. સમાજમાં સ્ત્રી અત્યાચાર સંદર્ભે જે બાબતોની ચર્ચા ગામ, શહેર, રાજય કે રાષ્ટ્રીય કક્ષાએ ચાલી રહી છે તે પૈકી સ્ત્રીઓ પરના અત્યાચારો જાતિગત જાગૃતિ, જાતિગત સમાનતા એ મુદ્દા મહત્ત્વના છે. આ સંદર્ભમાં પણ મહિલા સંદર્ભના કાયદાઓની વાત કરીએ ત્યારે મહિલાઓ અને કરારનો કાયદો અગત્યનો વિષય છે.

આપણે અગાઉના અંકોમાં વ્યર્થ કરારો અંગે ચર્ચા કરી કે બાબતમાં આગળ જોઇએ તો, ખાસ કરીને હિન્દુ મેરેજ એક્ટમાં સગોતર વ્યક્તિ વચ્ચે થયેલા લગ્નો એ વિધિ માન્ય છે. કુંવારી વ્યક્તિ પણ દત્તક વિધાન કરી શકે છે. સ્પેશિયલ મેરેજ એક્ટ અંતર્ગત આંતર જ્ઞાતિય લગ્ન થઇ શકે છે એટલે કે હિન્દુ સ્ત્રી ગમે તે જ્ઞાતિમાં લગ્ન કરી શકે છે. અગાઉ એવું હતું કે કોઇ હિન્દુ સ્ત્રી જો આંતર જ્ઞાતિય લગ્ન કરે તો જ્ઞાતિ બહાર મુકવામાં આવે તેવું બનતું. પરંતુ આવા કારણોસર હવે નાત બહાર મૂકી શકાય નહીં તેવી કાયદાકીય જોગવાઇ છે. આમ, સર્વ રીતે જોઇએ તો આંતરજ્ઞાતીય લગ્ન એ અતિ સાહજિક અને સર્વસ્વીકૃત બાબત બની છે. આજના યુગમાં જોઇએ તો આંતરજ્ઞાતીય અને દેશબહાર થતા લગ્નનું પ્રમાણ પણ મોટું જોવા મળે છે અને એ રીતે સ્ત્રીઓ બાબતમં સમગ્ર સમાજે આધુનિક વિચારસરણી અપનાવેલ છે.

પરદાનશીન સ્ત્રીઓએ કરેલાં કરાર સંદર્ભમાં જોઇએ તો, વિશ્વના અનેક દેશોમાં આજ પણ પરદા પ્રથા અસ્તિત્વમાં છે. આપણાં ભારત દેશમાં પ્રાચીન સમયમાં પરદા પ્રથા અસ્તિત્વમાં ન હતી. જે ઋષિકુળથી વાત કરીએ તો ઋષિ પત્ની જેટલી જ સ્વતંત્રતા મળતી. ઋષિ પત્નીઓ ઋષિઓ જેટલી જ શિક્ષિત અને એથી આગળ કહીએ તો શાસ્ત્રાર્થ કરવામાં પણ કુશળ હતી. આજના યુગમાં પણ મૈત્રેયી અને ગારગીના પુણ્ય સ્મરણથી મહિલા સશક્તિકરણની વાત શરૂ કરવામાં આવે છે. ખાસ કરીને મોગલ યુગ સમયથી સ્ત્રીઓની સલામતીના સમયમાં પરદા પ્રથા આવી હશે તેવું લાગે છે. આ પરદા પ્રથા વિશે સમજીએ તો,

આજના યુગમાં પણ જોઇએ તો, સ્ત્રીઓની અવરજવર બહારના સમાજમાં પુરુષોની અવરજવર કરતા ઓછી હોય તેઓ અયોગ્ય લાગવગ કે પ્રભાવનો ભોગ સરળતાથી બને છે. જે સ્ત્રીઓ પરદાનશીન છે, તેઓના પહેરવેશ સંદર્ભે સમજીએ તો આ પ્રકારની સ્ત્રીઓ આજે પણ બહાર જતા બુરખા પહેરે છે અને પુરુષોનાં સંપર્કમાં ભાગ્યે જ આવતી હોય તેવું બને છે. આવું બનવાને કારણે આ પ્રકારની સ્ત્રીઓ અને તેથી અયોગ્ય લાગવગનો ભોગ જલદી બની જાય છે અને પરિણામે બીજાના કપટનો ભોગ બની પોતાની મિલકત ગુમાવી બેસે છે. આ વિષયમાં સ્ત્રીની ઇચ્છા પર વર્ચસ્વ ધરાવી, તેને પોતાની ધારેલી દિશામાં વાળી કરાર કરાવી લે, તેના પર કાયદાઓ પુરાવાનો એવો બોજો નાખ્યો છે કે આવી વ્યક્તિએ એમ પુરવાર કરવાનું રહેશે કે તેણે આવી સ્ત્રી પર પોતાનો કોઇ પ્રભાવ જમાવ્યો ન હતો. તેણી કરેલ કરાર અનુચિત ન હતો અને સ્ત્રીને સ્વતંત્ર સલાહ પાત્ર થઇ હતી. જો તે આમ પુરવાર નહીં કરી શકે તો કરારનો અંત આવશે અને તેઓ અમલ કરાવી શકશે નહીં. સ્ત્રી આવો કરાર રદ કરાવી શકે છે.

અયોગ્ય લાગવગ સંદર્ભમાં સમજીએ તો પાલક અને પાલ્ય, વકીલ તથા એનો અસીલ, ડોકટર અને દર્દી તથા ધાર્મિક ગુરુ અને ચેલો કે તેના શિષ્યની વચ્ચે એમ વિવિધ પ્રસંગે આ પ્રકારના અયોગ્ય લાગવગ યુ તકરારો ઉત્પન્ન થઇ શકે છે. ખાસ કરીને પતિ પણ પત્ની સાથે અથવા પત્ની પતિ સાથે કોઇ છળકપટથી કરાર કરે તે તેવા સંજોગોમાં પણ અયોગ્ય લાગવગ ઉત્પન્ન થઇ શકે છે. આજના યુગમાં સ્ત્રી સાક્ષર થઇ છે પરંતુ નીરક્ષરતાનું પ્રમાણ પણ એટલું જ મોટું છે. શિક્ષણ એ હૃંદગીના દરેક તબક્કે ખુબ મોટો ભાગ ભજવે છે. આમ જોઇએ તો, સ્ત્રીની નિરીક્ષરતા પણ અયોગ્ય લાગવગનું કારણ બની શકે છે.

હાલના સમયમાં રોજબરોજ ખોટા લગ્નના કરારો સંદર્ભે સમાચાર પત્રના માધ્યમથી જાણવાનું મળે છે. કેટલાક પરિણિત પુરુષો પણ પરણેલા છે તેવી બાબત છુપાવી રાખીને અન્ય સ્ત્રી સાથે મૈત્રી કરાર કરે છે. તેવી બાબતો બને છે. રુબરુ તેમજ કુટુંબ સલાહ કેન્દ્રના માધ્યમથી પણ આ પ્રકારની ઘટનાઓનો અભ્યાસ કરવાની તક મળી છે. કેટલીક વાર તો એવું લાગે છે કે જો સ્ત્રી એમ કહે છે કે જે પુરુષ સાથે રહે છે. તે પરણેલો હતો તેવી ખબર ન હતી. તો તેવી બાબત સંદર્ભે પણ ઊંડાણપૂર્વક વિચાર કરતાં કયાંક પોતાની જાત પ્રત્યેની જાગૃતિનો અભાવ દેખાય છે. સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણના કાયદા અંતર્ગત ખોટા મૈત્રી કરારથી સાથે રહ્યું હોય તો પણ ભરણપોષણ મેળવવાનો અધિકાર આ કાયદા અંતર્ગત આપવામાં આવ્યો છે પરંતુ હિંદુ મેરેજ એક્ટ અંતર્ગત હિન્દુ પતિ પોતાના ચાલુ લગ્ન જીવને બીજું કરી શકતો નથી. અગાઉ અંકોમાં આપણે જોયું હતું કે કેટલીવાર પહેલી પત્નિને બાળક ન થાય તેથી આવી પ્રથમ પત્ની પોતાના પતિને બીજા લગ્ન કરવા પરવાનગી આપે છે તેવું લખામ કરાવીને પતિ બીજા લગ્ન કરે છે. આપણે ત્યાં કેસની વિગતવાર ચર્ચા કરી હતી.

રેખા અને મનિષના કેસમાં પણ આપણે જોયું કે રેખાનું લગ્નજીવન ચાલુ છે તો તેવા સંજોગોમાં મનીષે કરેલા મૈત્રી કરાર એ કાયદામાન્ય ગણી શકાય નહીં. કાયદેસરનું લગ્ન થયેલ સ્ત્રીને જ હિંદુ મેરેજ એક્ટ અંતર્ગતના તમામ અધિકારો પ્રાપ્ત થાય છે. સમગ્ર ચર્ચાનો હેતુ એ હોય શકે કે લગ્ન સંસ્કાર છે. પોતાના જીવનની ગંભીર બાબતે દરેક સ્ત્રીએ કાયદાકીય જાગૃતિ સાથે કાળજી રાખવી આવશ્યક છે. આમ જોઇએ તો મહિલા અને કરારના કાયદા સંદર્ભેની ચર્ચા પણ પૂર્ણ થાય છે. કેટલાક વાચકમિત્રોએ ફોનથી અનેલ સવાલો પૂછેલ છે. આ વાચક મિત્રો જો પોતાના પ્રશ્નો વિગતવાર રીતે મોકલે તો વિગતવાર જવાબ આપી શકાય. સ્ત્રીઓ બાબતના અગત્યના અનેક કાયદાઓની આપણે વિગતવાર ચર્ચાઓ કરી છે.

અનેક શોષિત અને પીડિત બહેનો રોજબરોજ મળે છે અને તેથી અલગ - અલગ ધર્મની બહેનોની અલગ-અલગ પ્રકારે લગ્નવિષયક તકરાર ઉભી થતી જોવા મળે છે. આપણે હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી સ્ત્રીઓની સંદર્ભે શોષણનાં સંદર્ભમાં તેમજ લગ્નવિષયક તકરાર સંદર્ભમાં જાણવા માટે મળીએ આવતાં અંકે....